


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી : મીનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-11 ■ તા. 30-03-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## ગુજરાતમાં ભારે પવન સાથે ૪ દિવસ માવઠાની આગાહી




ગુજરાતમાં હવામાનનું બેવડું સ્વરૂપ જોવા મળી રહ્યું છે, જ્યાં ઘણાં શહેરોનું તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી ગયું છે. આ દરમિયાન કેટલાક વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો પણ જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં દિવસના તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે માવઠાની આગાહી કરી છે. રાજયના કેટલાક ભાગોના વાતાવરણમાં પલટો આવશે અને સામાન્યથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે.હવામાન વિભાગની અનુસાર, મહારાષ્ટ્ર ઉપર એક ટ્રફ (ચક્રવાતી પવનોની પટ્ટી) સક્રિય થઈ રહ્યું છે જેના કારણે ૩૧મી માર્ચથી ત્રીજી એપ્રિલ સુધી ગુજરાતના વાતાવરણ પલટો આવશે. ૩૧મી માર્ચે નર્મદા, તાપીમાં કમોસમી વરસાદ સંભાવના છે.પહેલી એપ્રિલે અમરેલી, ભાવનગર, સુરત, તાપી, નવસારી નર્મદા, છોટા ઉદેપુર, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં વરસાદ પડી શકે છે. બીજી એપ્રિલે ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, આણંદ, ખેડા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં પણ વરસાદ પડે તેવી આગાહી કરવામાં આવી છે. જયારે ત્રીજી ઓપ્રિલે નર્મદા, તાપીમાં કમોસમી વરસાદ સંભાવના છે.હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર, ગુજરાતમાં તોફાન જેવા પવન ફૂંકાશે. બંગાળની ઉપસાગર અને અરબી સમુદ્રના ભેજ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાતના હવામાનમાં માર્ચના અંતથી અને એપ્રિલની શરુઆત સુધીમાં પલટો આવશે અને દક્ષિણ ગુજરાતના ભાગો, પૂર્વ ગુજરાતના ભાગો અને સૌરાષ્ટ્રના ભાગોમાં વાદળછાયા વાતાવરણ સાથે છાંટા પડવાની શક્યતાઓ છે.

## એરટેલને ૫૪૦૦ કરોડનો ફાયદો કરાવતા ચુકાદા માટે જસ્ટિસ વર્માને કરોડોની લાંચ અપાયાનો દાવો

દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્માના ઘરેથી મળેલી કરોડ રૂપિયાની રોકડ ક્યાંથી આવી એ સવાલનો જવાબ સુપ્રીમ કોર્ટે રચેલી તપાસ સમિતી નથી શોધી શકી. દિલ્હી પોલીસ તો આ કેસમાં ભીનું સંકેલવામાં જ લાગી છે ત્યારે એલન મસ્કના એઆઈ હેન્ડલ ગ્રોકની આ કેસમાં એન્ટ્રી થઈ છે. ગ્રોકે જવાબ આપ્યો છે કે, જસ્ટિસ વર્માને ત્યાંથી મળેલી રકમ ભારતી એરટેલ તરફથી મળેલી લાંચની રકમ હોઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, જસ્ટિસ વર્માએ દેશની ટોચની ટેલીકોમ કંપની ભારતી એરટેલને ૫૪૦૦ કરોડ રૂપિયાનો ફાયદો કરાવ્યો હતો. તેના બદલામાં તેમને ૧૫ કરોડ રૂપિયાની લાંચ મળી હોવાનું કહેવાય છે. આ મુદ્દે હાલમાં પણ કોઈ નક્કર તથ્યો સામે આવ્યા નથી.મહત્ત્વની વાત એ છે કે, દિલ્હી હાઈકોર્ટે ૧૨ ડીસેમ્બર, ૨૦૨૪ના રોજ ચુકાદો આપ્યો હતો કે, ટેલીકોમ કંપનીઓ દ્વારા સ્થાપવામાં આવતા મોબાઈલ ટાવર અચલ સંપત્તિ (ઈમ્મૂવેબલ એસેટ્સ) નથી પણ ચલ સંપત્તિ (મૂવેબલ એસેટ્સ) છે. આ કારણે ટેલીકોમ કંપની ટેલીકોમ ટાવર નાંખે તો તેના પર જીએસટી ના લગાવી શકાય પણ જીએસટી તરીકે કપાયેલી રકમ ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) તરીકે સરકારે પાછી આપવી પડે. ભારતી એરટેલ દ્વારા ટાવરના ખર્ચ માટે ઈનપુટ ટેક્સ ક્રેડિટ આપવાના કેસમાં ચુકાદો આપનારી દિલ્હી હાઈકોર્ટની બેંચના વડા તરીકે જસ્ટિસ યશવંત વર્મા હતા. આ એક ચુકાદા દ્વારા જસ્ટિસ વર્માએ



ભારતી એરટેલને ૫૪૦૦ કરોડ રૂપિયાનો ફાયદો કરાવી દીધો હતો.સૂત્રોના મતે જાણીતાં પત્રકાર રોહિણી સિંહે પૂછેલા સવાલના જવાબમાં ગ્રોક દ્વારા આ જવાબ અપાયો છે. ગ્રોક દ્વારા જસ્ટિસ યશવંત વર્મા પર સીધું કોઈ દોષારોપણ કરાયું નથી પણ જસ્ટિસ વર્માના ચુકાદા તરફ ધ્યાન દોરાયું છે. ગ્રોકનો જવાબ તાર્કિક છે કે નહી તેની તપાસ કદાચ થાય. ગ્રોકની વાત કદાચ ખોટી ન હોય કારણ કે એક તર્ક એવો છે કે, આ કેસમાં જસ્ટિલ વર્માએ લગભગ ચાર મહિના પહેલાં જ આ ચુકાદો આપ્યો હતો. એરટેલ કંપની દ્વારા ટાવરો બાંધવા પાછળ અબજો રૂપિયાનો ખર્ચ કરાયો છે.

## ચીનના વિજ્ઞાનીઓની કમાલ, ડુક્કરની કિડની માણસમાં ટ્રાન્સપ્લાન્ટ કરી, પ્રયોગ સફળ કે નિષ્ફળ?

ચીનના સંશોધકોએ કરેલાં દાવા અનુસાર પ્રાણીઓના અંગનું માનવ શરીરમાં પ્રત્યારોપણ કરવાના મામલે નવી દિશા સાંપડી છે. ચીનમાં ડોક્ટરોએ ડુક્કરની કિડની માણસમાં સફળતાપૂર્વક ટ્રાન્સપ્લાન્ટ કરી ચૂક્યા છે અને હવે ડુક્કરના લિવર્સ પણ ભવિષ્યમાં માનવને ઉપયોગી બનશે તેવા સંકેત આપ્યા છે. આ ચીની દર્દી દુનિયામાં ત્રીજી વ્યક્તિ છે જે જનીન દ્વારા સંપાદિત ડુક્કરની કિડની સાથે જીવી રહી છે. આ જ સંશોધક ટીમે બ્રેઈન ડેડ વ્યક્તિના શરીરમાં ડુક્કરના લિવરને ટ્રાન્સપ્લાન્ટ કરવાનો પણ પ્રયોગ કર્યો છે.

ચીનના વિજ્ઞાનીઓએ આ સિદ્ધિ હાંસલ કરવા માટે ડુક્કરના અંગોને માનવસમાન



બનાવવા માટે જિનેટિકલી તેમાં ફેરફાર કરી રહ્યા છે. તેમને આશા છે કે આમ કરી તેઓ ભવિષ્યમાં અંગોની અછતને નિવારી શકશે. અગાઉ યુએસમાં ડુક્કરના હૃદયને અને કિડનીઓને માનવશરીરમાં બેસાડવાના અખતરાં થઈ ચૂક્યા છે પણ આ ચારે દર્દીઓ લાંબું જીવી શક્યા નથી. પણ ડુક્કરની કિડની ધરાવતાં બે દર્દીઓ જીવી રહ્યા છે. અલાબામાની એક મહિલામાં નવેમ્બરમાં અને ન્યુ હેમ્પશાયરમાં જાન્યુઆરીમાં એક પુરૂષમાં ડુક્કરની કિડનીઓ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. યુએસમાં આ મામલે ક્લિનીકલ ટ્રાયલ શરૂ થવાની છે.

ચીનમાં દર્દી પર સર્જરી કરી ડુક્કરની કિડની બેસાડવામાં આવી તેના ત્રણ સપ્તાહ બાદ દર્દીની હાલત સારી છે અને ડુક્કરની કિડની સારું કામ કરી રહી છે. શિયાનમાં આવેલી ફોર્થ મિલિટરી મેડિકલ યુનિવર્સિટીની શીજિંગ હોસ્પિટલના ડો. લિન વાંગે પત્રકારોને આ માહિતી આપી હતી.વાંગે જણાવ્યું હતું કે ૬૯ વર્ષની મહિલા આ ટ્રાન્સપ્લાન્ટ બાદ ટેસ્ટિંગ માટે હોસ્પિટલમાં જ છે. આઠ વર્ષ અગાઉ આ મહિલાની બંને કિડનીઓ ખલાસ થઈ ગઈ હતી. વાંગની ટીમે જર્નલ નેચરને જણાવ્યું હતું કે તેમણે એક બ્રેઈનડેડ વ્યક્તિમાં ડુક્કરનું લિવર ટ્રાન્સપ્લાન્ટ કર્યું હતું અને આ દર્દી દસ દિવસ સુધી જીવ્યો ત્યાં સુધી લિવરને તેના શરીરે રિજેક્ટ કર્યું નહોતું. ડુક્કરનું લિવર બાઈલ અને આલબ્યુમિનને પેદાં કરે છે પણ માનવ લિવર જેટલાં પ્રમાણમાં નહી.

## એક જ માસમાં કિલો લીબુના ભાવ રૂ. ૨૦૦ સુધી પહોચ્યાઃગુજરાતમાં વધતી ગરમી સાથે લીબુના ભાવમાં ૯૦%નો તોતિંગ વધારો







ગુજરાતમાં ઉનાળાની શરૂઆત સાથે જ લીબુના ભાવમાં આકાશને આંબતો વધારો નોંધાયો છે. ઉનાળાની સિઝનમાં લીબુની ડિમાન્ડ વધુ હોય છે તેવા સમયે જ લીબુની અછત સામે ભાવ ૧૦૦ રૂપિયાથી વધીને ૧૫૦-૨૦૦ રૂપિયે કિલો પહોંચી ગયો છે. જેની અસર ગૃહિણીઓના બજેટ ઉપર પડી રહી છે. ગુજરાતમાં શાકભાજીથી માંડીને શરબત, શેરડીના રસમાં વપરાતા લીબુમાં ૯૦ ટકાના તોતિંગ વધારાથી લીબુ શિકંજી, શરબત લોકોના ખિસ્સા ખાલી કરાવશે.ગરમીથી બચવા લોકો લીબુ શરબત, શેરડીનો રસ, શિકંજી સહિતની પીણાં પીતા હોય છે, જ્યારે તબીબો દ્વારા પણ ઉનાળાની ગરમીથી બચવા માટે અને શરીરને ઠંડક તથા એનર્જી માટે લીબુ શરબત પીવાનું જણાવાતું હોય છે. તેવામાં ઉનાળાની શરૂઆત થતાં જ લીબુના ભાવ આસમાને પહોંચી જતા હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રિટેલ બજારમાં માર્ચ મહિનાની શરૂઆતથી જ લીબુના ભાવ ૧૮૦થી ૨૦૦ રૂપિયા કિલો અને કેટલાક દિવસ તો તેનાથી પણ વધુ ભાવમાં વેચાઈ રહ્યા છે.અમદાવાદના જમાલપુર ખાતે આવેલા APMC માર્કેટમાં લીબુના હોલસેલ વેપારી ધવલભાઈ પ્રજાપતિ એ જણાવ્યું હતું કે, ગત ૨ માર્ચ ૨૦૨૫થી આજ દિન સુધી લીબુના ભાવમાં મંદી ચાલી રહી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં માર્ચ મહિનામાં હોલસેલ બજારમાં લીબુનો ભાવ ૧૪૦થી ૧૫૦ રહેતો હતો, પરંતુ આ વર્ષે સ્ટોરેજ વધી જતા લીબુનો ભાવ છેલ્લા ૨૫ દિવસથી ૮૦થી ૧૧૦ રૂપિયા ચાલી રહ્યો છે. દર વર્ષની સરખામણીમાં આ વર્ષે લીબુનો ભાવ ઓછો છે, પરંતુ ગરમીને કારણે અને ટ્રાન્સપોર્ટેશનમાં બેથી ત્રણ દિવસ થઈ જતા હોય છે જેને કારણે હોલસેલ બજારમાં જે ભાવે લીબુ વેચાય છે તેના કરતાં રિટેલ બજારમાં તેનાથી વધુ ભાવ રહેતો હોય છે. બગડી જવાને કારણે ૨૦ કિલોએ ત્રણથી ચાર કિલો લીબુ ખરાબ થઈ જતા હોય છે જેને કારણે રિટેલ બજારમાં લીબુનો ભાવ વધુ રહે છે.મહત્ત્વનું છે કે સામાન્ય દિવસો કરતાં ઉનાળાની ઋતુમાં લીબુની માગ ખૂબ જ વધી જતી હોય છે. ઉનાળાની ઋતુમાં ગુજરાતીઓ લીબુનું સેવન વધુ પ્રમાણમાં કરે છે તેવામાં અમદાવાદ APMC માર્કેટમાં સામાન્ય દિવસોમાં એટલે કે શિયાળા અને ચોમાસાની ઋતુમાં દરરોજ ૪૦થી ૫૦ ટન માલની આવક જાવક હોય છે, પરંતુ ઉનાળાની ઋતુમાં ૧૨૦થી ૧૪૦ ટન લીબુની માગ રહેતી હોય છે. તેથી આવક પણ વધી જતી હોય છે. તેવામાં આ વર્ષે લીબુનો માલ અગાઉથી સ્ટોરેજ કરેલો હોવાથી વધુ માત્રામાં આવી રહ્યો છે. જેને કારણે હોલસેલ બજારમાં પ્રતિ કિલો ૮૦થી ૧૧૦ રૂપિયા લીબુનો ભાવ ચાલી રહ્યો છે. હજુ પણ આગામી સાતથી આઠ દિવસોમાં લીબુના ભાવમાં વધારાની શક્યતાઓ નહિવત છે. શાકભાજીના વેપારી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં હાલ લીબુના પાકની સિઝન પૂરી થઈ ગઈ છે, જેથી અત્યારે મદ્રાસથી લીબુની આયાત થઈ રહી છે. ટ્રાન્સપોર્ટેશનના કારણે પણ લીબુનો ભાવ વધારે ચૂકવવો પડે છે. આ ઉપરાંત ઉનાળામાં લીબુની ડિમાન્ડ પણ વધી જાય છે, તેને કારણે પણ લીબુના ભાવમાં વધારો થાય છે. આગામી દિવસોમાં લીબુના ભાવ વધશે કે ઘટશે તે અંગે કંઈ કહી શકાય નહીં. લીબુની આવક વધારે થાય તો ભાવ ઘટે અને આવક ઓછી થાય તો ભાવ વધી શકે છે.

## મોબાઈલ ચોરીના ગુનામાં સંડોવાયેલા શખ્સને પાસા હેઠળ જેલમાં ધકેલ્યો

દહેગામ પોલીસે દહેગામ પોલીસ સ્ટેશન,ગાંધીનગરના સેક્ટર ૭ પોલીસ સ્ટેશન તેમજ અમદાવાદ શહેરના નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એમ અલગ અલગ જગ્યાએ મોબાઈલ ચોરીના ગુનામાં પકડાયેલા શખ્સ અભિષેકકુમાર કૈલાશ અમીરચંદ્ર મંડલ (રહે-મહારાજપુર બજાર શાહીબગંજ થાણા,જિલ્લા શાહીબગંજ, ઝારખંડ)ની પાસા હેઠળ દરખાસ્ત કરી ગાંધીનગર જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલી આપતા તેમણે પાસા અટકાયતી વોરંટ ઈસ્યુ કરતા દહેગામ પોલીસની સર્વેલન્સ સ્કવોર્ડની ટીમના પીએસઆઈ એમ.એફ. ઝાલા, સ્ટાફના સચિનકુમાર, કેતનકુમાર મોહનભાઈ, સોહિલસિંહ, અનિલભાઈ તથા વેશીભાઈ સહિતની ટીમે અભિષેકકુમાર મંડલને અમદાવાદ શહેરમાંથી શોધી કાઢી દહેગામ ખાતે લઈ આવી પાસા હુકમની બજવણી કરી રાજકોટની મધ્યસ્થ જેલમાં મોકલી આપવાની તજવીજ હાથ ધરી હતી.

તંત્રી લેખ........

## ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશી ઉત્પાદિત વાહનો પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી

અમેરિકાના ફરીવાર પ્રમુખ બન્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઘણા બધા મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે ત્યારે હવે તેમના દ્વારા ઓટો આયાત પર ભારે ટેરિફની જાહેરાત કરવામાં આવી છે. આ મામલે વ્હાઈટ હાઉસે માહિતી આપી હતી કે ટ્રમ્પે વિદેશી ઉત્પાદિત વાહનો પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં કહ્યું હતું કે, જે કારનું નિર્માણ અમેરિકામાં થયું નથી અમે તેના પર ૨૫ ટકા ટેરિફ લાદવા જઈ રહ્યા છીએ. જો અમેરિકામાં જ કારનું નિર્માણ થયેલું હશે તો કોઈ ટેરિફ નહીં ચૂકવવો પડે. મારો નિર્ણય આગામી ૨ એપ્રિલથી અમલમાં આવશે. ટ્રમ્પે ખાસ કહ્યું કે હાલમાં વિદેશી કાર અને હળવા ટ્રક પર જે ટેરિફ લાગુ છે એના સિવાય આ નવો ટેરિફ ઝીંકવામાં આવી રહ્યો છે.

જો કે, ટ્રમ્પના આ પગલાથી ઓટો સેકટરમાં અરાજકતા ફેલાઈ શકે છે કારણ કે ટ્રમ્પના ઓચિંતા નિર્ણયને કારણે વ્યવસાયિક ભાગીદારો સાથે તણાવ વધશે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તમામ ઓટો આયાત પર ૨૫ ટકાના નવા ટેરિફની જાહેરાત પર યુરોપિયન યુનિયનના વડા ઉર્સુલા વોન ડેર લેયેને આકરી ટીકા કરતા કહ્યું હતું કે, યુરોપિયન ઓટોમોટિવ નિકાસ પર ટેરિફ લાદવાના અમેરિકાના નિર્ણય બદલ મને ખૂબ જ દુઃખ છે. તેમણે કહ્યું કે યુરોપિયન યુનિયન તેના તેના આર્થિક હિતોનું રક્ષણ કરતા વાટાઘાટો દ્વારા આ વિવાદોનું ઉકેલ શોધવાનું ચાલુ રાખશે.

## ગુજરાતના વાતાવરણમાં અચાનક પલટો: વડોદરામાં ગાઢ ધુમ્મસની ચાદર છવાઈ

હવામાન વિભાગ અને હવામાનના નિષ્ણાતો દ્વારા ભરઉનાળે વાતાવરણમાં પલટો આવવાની કરેલી આગાહી વચ્ચે આજે (૨૮ માર્ચ, ૨૦૨૫) વડોદરામાં ગાઢ ધુમ્મસ છવાયું છે. ડભોઈથી સ્ટેચ્યુ ઓફ યુનિટી માર્ગ ઉપર ગાઢ ધુમ્મસ છવાઈ જતાં શૂન્ય વિઝિબિલિટી થઇ ગઇ હતી, પરિણામે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા. ઉલ્લેખનીય છે કે, ગતરોજ હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા ૧૦ એપ્રિલ સુધીમાં રાજ્યના વિવિધ ભાગોમાં તોફાની પવનો સાથે કમોસમી વરસાદ પડવાની આગાહી કરવામાં આવી હતી. સાથે આગામી પાંચ દિવસમાં બેથી ત્રણ ડિગ્રી તાપમાનમાં વધારો થતાં ગુજરાતવાસીઓએ ફરી ગરમીમાં શેકાવું પડશે.આજે વહેલી સવારથી જ ડભોઇ પંથકના રેલવે સ્ટેશન, વેગા, શિનોર ચાર રસ્તા, શિનોર રોડ, જેૈ રોડ સહિતના વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું. ડભોઈથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જવાના રસ્તે વિઝિબિલિટી ઓછી થઇ જતાં નોકરી-ધંધાર્થે નીકળેલા લોકોને પોતાનાં વાહનોની હેડલાઇટ ચાલુ કરવાની ફરજ પડી હતી. તે સાથે વાહનો ધીમે હંકારવાની ફરજ પડી હતી. વાતાવરણમાં આવેલો એકાએક પલટો જોઇ લોકો પણ આશ્ચર્યમા મુકાઇ ગયા હતા. એક તબક્કે ઉનાળામાં વરસાદી માહોલ જેવું વાતાવરણ થઇ ગયું હતું.ગુજરાત ઉપર આવતા પવનોની દિશા બદલાઈ રહી છે, જેને કારણે સમગ્ર ગુજરાત રાજ્યના મહત્તમ તાપમાનમાં આગામી પાંચ દિવસ દરમિયાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતાઓ હવામાન વિભાગે દર્શાવી છે. આગામી ૨૪ કલાક લઘુત્તમ તાપમાન યથાવત રહેશે ત્યારબાદ તેમાં પણ બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થવાની શક્યતાઓ છે. ઉલ્લેખની છે કે, છેલ્લા કેટલાક દિવસ દરમિયાન ઉત્તર ભારતના રાજયમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થયું હતું અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો આવ્યો હતો, પરંતુ હવે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરો પૂર્ણ થતા ફરી એક વખત તાપમાનનો પારો ઊંચકાશે અને કેટલાક જિલ્લામાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર જઈ શકે છે.હવામાન વિભાગના ડાયરેકટર એ.કે.દાસના જણાવ્યા અનુસાર ગુજરાત ઉપર હાલમાં ઉત્તર તથા ઉત્તર પૂર્વ દિશા તરફથી સૂકા પવનો આવી રહ્યા છે તથા સમગ્ર આકાશ પણ સાફ હોવાથી સૂર્યના સીધા કિરણો જમીન ઉપર આવે છે.તેને કારણે ગુજરાત રાજ્યના મહત્તમ તાપમાનમાં વધારો થવાની શક્યતાઓ છે. જોકે છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. ત્યારે આજે તેટલા જ પ્રમાણમાં વધારો પણ થવાની શક્યતાઓ છે. આ ઉપરાંત રાત્રિ દરમિયાનનું લઘુત્તમ તાપમાન મોટાભાગના શહેરોમાં ૨૦ ડિગ્રી આસપાસ રહેવાથી દિવસ અને રાત્રિના તાપમાનમાં ફેરફાર હોવાથી દિવસ દરમિયાન વધુ ગરમી અનુભવાય શકે છે.

## જૂનાગઢમાં નાસતા ફરતા જુગારના આરોપીની અટકાયત કરાઈ




કિશન બહેચા- જુનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા જુગારના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા આરોપી નરેશ ઉર્ફે સોનુ ગ્યાનચંદભાઈ કોટક ઉંમરઃ ૪૦ વર્ષ રહે.મધુરમ, પ્રિયંકા પાર્ક,ને ઝડપી પાડી કસ્ટડી ભેગો કરી કાયદેસરની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

## હાથાવાડા ગામમાં પંખીઓ માટે માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ

સરવરી યુવા સંગઠન અને એજ્યુકેશન ટ્રસ્ટના અધ્યક્ષશ્રી ગગુશા જુનેજા દ્વારા હાથાવાડા ગામમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં પંખીઓ માટે જીવદયા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. તેમણે ગામના અલગ-અલગ વિસ્તારોમાં ૫૦ પક્ષીપરબના કુંડ જાતે બાંધી અને પંખીઓને પાણી પીવાની સગવડતા કરી. આ કુંડ એવી જગ્યાએ બાંધવામાં આવ્યા છે કે જ્યાં પંખીઓ સરળતાથી પહોંચીને પાણી પી શકે.

ઉનાળાની ગરમીમાં ઘણીવાર પાણીની તરસથી અનેક પંખીઓ જીવન ગુમાવી બેસે છે. આવા સંજોગોમાં શ્રી ગગુશાની આ પહેલ પંખીઓ માટે જીવદયા અને સંવેદનાનું મહાન ઉદાહરણ છે. તેમના આ કાર્યથી સમાજ અને સંગઠનના યુવાનોમાં પણ જાગૃતિ આવી રહી છે અને અનેક લોકોએ આ કાર્યમાં સહકાર આપવાની ઈચ્છા વ્યક્ત કરી છે...

આ પહેલ દ્વારા પર્યાવરણ અને પ્રકૃતિ પ્રત્યેનો સ્નેહ અને સેવા ભાવ ઉજાગર થયો છે. સંગઠનના આગેવાનો અને કાર્યકરો દ્વારા પણ શ્રી ગગુશાના પ્રયાસોને ખૂબ સરાહના મળી રહી છે. તેમના આ ઉમદા કાર્યથી અન્ય ગામો માટે પણ પ્રેરણા મળી રહી છે કે તેઓ પણ પંખીઓ માટે આવા કુંડ બાંધીને પ્રકૃતિ અને જીવદયાની સેવામાં પોતાનો ફાળો આપે.ઉલ્લેખનીય છે કે સંગઠનના અધ્યક્ષ ગગુશા દ્વારા રક્તદાન, ગરીબોને આર્થિક કટોકટીમાંથી બહાર લાવાવાના પ્રયાસો, ગરીબોને અનાજની કીટ, શૈક્ષણિક માર્ગદર્શન કાર્યક્રમો, દવાખાનાનું કોઈ પણ કાર્ય હોય એ તમામ કાર્યોમાં સતત પ્રયત્નશીલ રહે છે.

## સુરત દુષ્કર્મ કેસમાં આસારામની ૬ મહિનાની જામીન અરજી પર સુનવાણીઃડબલ જજની બેંચનો ખંડિત ચુકાદો



સુરત દુષ્કર્મ કેસમાં ૬ મહિના માટે હંગામી જામીનની દાદ માંગતી આસારામની જામીન અરજી પર(૨૫ માર્ચ,૨૦૨૫) હાઈકોર્ટ સમક્ષ લંબાણપૂર્વકની સુનાવણી હાથ ધરાઇ હતી. તમામ પક્ષોની રજૂઆતના અંતે હાઈકોર્ટે જામીન અરજીમાં ચુકાદો અનામત રાખ્યો હતો. ત્યાર બાદ આજે(૨૮ માર્ચ, ૨૦૨૫) ફરી સુનાવણી થઈ હતી.ડબલ જજની બેંચમાં બે જજના મંતવ્ય અલગ અલગ રહ્યા હતા. એક જજે ૩ મહિનાના જામીન આપવા મંતવ્ય આપ્યું હતું. જ્યારે બીજા જજનો અભિપ્રાય અલગ હતો. જેથી ખંડિત ચુકાદો આવ્યો હતો. હવે ચીફ જજ નક્કી કરશે કે કયા જજની બેન્ચ સમક્ષ અરજી મુકાશે. ત્યાર બાદ એક્ટિંગ ચીફ જસ્ટિસ બીરેન વૈષ્ણવ સમક્ષ આસારામના વકીલે રજૂઆત કરી અને હાઈકોર્ટ જજ એ.એસ.સુપેહિયાને આસારામાની જામીન અરજી રિફર કરવામાં આવી હતી. આગામી ત્રણ દિવસ હાઈકોર્ટમાં શનિ, રવિ અને સોમવારે ઈદની રજા છે.વર્ષ ૨૦૧૩ના દુષ્કર્મ કેસમાં ૨૦૨૩માં સેશન્સ કોર્ટે આસારામને આજીવન કેદની સજા ફટકારી હતી. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે આ વર્ષે જાન્યુઆરીમાં આસારામને તબીબી કારણોસર ૩૧ માર્ચ સુધીના વચગાળાના જામીન આપ્યા છે. સુપ્રીમે ઑર્ડરમાં કહ્યું હતું કે તેને લંબાવવા સંલગ્ન હાઈકોર્ટમાં અરજી કરી શકાશે, એટલે આસારામે હાઈકોર્ટ સમક્ષ વધુ ૦૬ મહિનાના જામીન માંગ્યા છે.આસારામના વકીલે જામીન અરજીમાં કહ્યું હતું કે આસારામ ૮૬ વર્ષનો છે અને ૮૫ ટકાથી વધુના ત્રણ બ્લોકેજ(હૃદય સંબંધિત બીમારી) છે. તેની કથળેલી તબિયતને જોતાં જ સુપ્રીમે તેને હંગામી જામીન આપ્યા હતા. તેનું AIMS જોધપુરમાં ચેકઅપ થયું હતું, ૨૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અમદાવાદની શેલ્બી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. ત્યાર બાદ બાદમાં તેને આયુર્વેદિક તબીબોને બતાવ્યું હતું.

## વ્યાયામ શિક્ષકોનું વિરોધ પ્રદર્શન : ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં યોગ-કસરત કરી પોતાની માંગણીઓ રજૂ કરી



ગુજરાત રાજ્યના વ્યાયામ શિક્ષકોએ સરકારની ખેલ સહાયક યોજનાનો વિરોધ કરવા ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન શરૂ કર્યું છે. છેલ્લા પંદર વર્ષથી વ્યાયામ શિક્ષકોની ભરતી ન થવાના મુદ્દે શિક્ષકોએ ગઈકાલની જેમ આજે પણ યોગ અને અંગકસરત કરીને અનોખી રીતે વિરોધ નોંધાવ્યો છે.

સરકારની ખેલ સહાયક યોજના અંતર્ગત ૧૧ મહિનાના કરાર આધારિત નિમણૂંક આપવામાં આવે છે. શિક્ષકોના મતે આ યોજના શાળાના બાળકો અને શિક્ષકોના હિતમાં નથી. રજાના નિયમો અને વેકેશનની ગણતરી અસ્પષ્ટ છે. કેટલાક શિક્ષકોને ૧૧ મહિના પૂરા થયા પહેલાં જ કોઈ આદેશ વગર છૂટા કરી દેવામાં આવ્યાં છે. પગારની અનિયમિતતા પણ મોટી સમસ્યા છે.માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ખેલ સહાયકોને છૂટા કરવા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જોકે, પ્રાથમિક વિભાગ માટે કોઈ પરિપત્ર જારી કરાયો નથી. વ્યાયામ આગેવાન યોગેશ વાળાના જણાવ્યાં મુજબ, અગાઉ ચાર વખત વ્યાયામ શિક્ષકોની અટકાયત કરવામાં આવી હતી. થોડા દિવસો પહેલા વિધાનસભા ઘેરાવ વખતે સરકારે આપેલી ખાતરી છતાં કોઈ નિરાકરણ ન આવતા શાંતિપૂર્ણ આંદોલન ચાલુ છે.શિક્ષકોએ ચિમકી આપી છે કે, જો નજીકના સમયમાં તેમની માંગણીઓનું નિરાકરણ નહી આવે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા પણ ગાંધીનગરમાં વ્યાયામ શિક્ષકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. તે સમયે શિક્ષકો દ્વારા વિધાનસભા તરફ કૂચ કરી હતી જોકે, પોલીસ દ્વારા તેઓને રોકવામાં આવતા પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. જે બાદ પોલીસે ટીંગાટોળી કરી વ્યાયામ શિક્ષકોને પોલીસવાનમાં બેસાડી અટકાયત કરી હતી.

# મમ્મી મારી સુપર હીરો - અંકિતા સોની

એક નજર કાંડા ઘડિયાળમાં ફેરવીને ઝડપભેર તન્વી સ્કૂલમાં પહોંચી. આજે સ્કૂલમાં પેરેન્ટ્સ મીટિંગ હતી. જેનો સમય પૂર્ણ થવાને આરે હતો. વર્ગમાં દાખલ થતાં તનિષ્ક તરફ આછેરું સ્મિત આપીને વર્ગશિક્ષિકાની સામેની ખુરશીમાં તન્વી ગોઠવાઈ. શિક્ષિકાએ વિચિત્ર રીતે એની તરફ જોયું. "જુઓ તન્વીબેન, તનિષ્ક અભ્યાસમાં થોડો નબળો છે. પોતે નિયમિત હોમવર્ક લાવતો નથી અને ઈર્ષ્યામાં બીજા વિદ્યાર્થીઓની નોટનાં પાનાં ફાડી નાખે છે. વર્ગમાં તોફાનમસ્તીમાં એ મોખરે છે. રિસેસના સમયે પણ કોઈને શાંતિ પાડવા નથી દેતો. બાળકોના નાસ્તાના ડબ્બા સંતાડી દે છે. કાલે તો એણે હદ કરી નાખી. કોઈને ખબર ન પડે એમ રિયાની રિબન છોડીને એના બે ચોટલા પર કાતર ફેરવવા જતો હતો. એ તો સારું થયું કે બક્ષી સાહેબ બારીમાંથી જોઈ ગયા નહીંતર... "




તનિષ્કની ફરિયાદો કરતાં શિક્ષિકા ઉગ્ર અવાજે બોલ્યાં. તન્વી દુઃખી થઈ નીચું ઘાલીને સાંભળી રહી. તનિષ્ક બેપરવાહ થઈને કાગળનો ડૂચો વાળી રહ્યો હતો.

‘‘તનિષ્ક હજુ નાસમજ છે. એના વતી હું આપની માફી માંગુ છું. હું એને આવું વર્તન ન કરવા માટે સમજાવીશ." તન્વી ધીરેથી બોલી.

"એમ નહીં. તમે તનિષ્ક પ્રત્યે કડક બનો. ઘરમાં એને સારા સંસ્કાર આપો. તનિષ્કનો વ્યવહાર બગડવા માંડ્યો છે. " ફરિયાદનું લિસ્ટ પૂરું થતાં તનિષ્કના ટેસ્ટ પેપર પર વાત અટકી. લગભગ દરેક વિષયમાં તનિષ્કના માત્ર પાસિંગ માર્કસ જ હતાં. એ જોઈને તન્વી સાવ ઢીલી પડી ગઈ. ઘરે જતાં આખા રસ્તે એણે તનિષ્ક સાથે વાત ન કરી. તનિષ્ક પણ મમ્મીની નારાજગી પારખીને શાંત રહ્યો. આકાશ સાથે છૂટાછેડા બાદ એકલા હાથે તનિષ્કને ઉછેરવાનું તન્વી માટે લોઢાના ચણા ચાવવા જેવું હતું. તનિષ્કના સારા ઉછેર માટે તન્વી બનતા બધા પ્રયત્નો કરતી. છતાં ક્યાંક ને ક્યાંક તનિષ્કને ઓછું આવી જતું. ધીમેધીમે મોટો થઈ રહેલો તનિષ્ક પોતાની કાચી સમજમાં અને સરખે સરખા મિત્રો પાસેથી મેળવેલા ડિવોર્સ અંગેના અધકચરા જ્ઞાનના લીધે તન્વીને દોષિત માનતો. ઘણી વાર તે જાહેરમાં તન્વીનું અપમાન પણ કરી નાખતો. આકાશ તો બધી પળોજણ મૂકીને પુનઃલગ્ન કરીને આરામથી વિદેશમાં ઠરીઠામ થઈ ગયેલો પરંતુ તન્વી માટે તનિષ્કના ભવિષ્ય ખાતર એકલા રહેવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચેલો નહીં. તનિષ્ક નાનો હતો ત્યારે માતા-પિતા વચ્ચે અવારનવાર થતા ઝગડાઓનો સાક્ષી રહી ચૂકેલો. તન્વીએ તનિષ્કના મન પર આકાશની છાપ ન બગડે એવા ખૂબ પ્રયત્નો કરેલાં. એના પરિણામે પોતાના જીવનમાંથી પિતા નામનું આદર્શ પાત્ર અચાનક જતાં રહેવાથી આઘાત પામેલો તનિષ્ક તન્વીને નફરત કરતો થઈ ગયેલો.

તન્વીની દરેક વાતને અવગણી તનિષ્ક એને ભારે પરેશાન કરી મૂકતો. પોતાની જોબ અને તનિષ્ક બંને વચ્ચે સંતુલન રાખવા જતાં તન્વી ઘણી વાર ગોથું ખાઈ જતી. એથી તનિષ્કના મનમાં પપ્પા હોત તો તે શું કરી શકત એના વિચારો કર્યા કરતો. મમ્મીને લીધે પપ્પા એને છોડીને જતા રહ્યા છે એ વાત એના મનમાં ઘર કરી ગયેલી. તનિષ્ક પર ધ્યાન ન દઈ શકવાનો છૂપો ભય તન્વીને વારંવાર નોકરી બદલવા પર મજબૂર કરતો.

કિશોરાવસ્થાના ઉંબરે ઊભેલો તનિષ્ક માની વ્યથાથી અજાણ થઈને ખોટેખોટી જીદ અને માંગણીઓથી તન્વીની મુશ્કેલીઓ વધારી દેતો. છતાં તન્વી તનિષ્ક માટે બધું કરી છૂટવા મથતી. "એય તનિષ્ક જો તારી મોમ.. સુપર મેનના ડ્રેસમાં.. હા..હા.. મોમ કદી સુપરમેન ના હોય.." તાળી દઈને તનિષ્કનો મિત્ર બોલી ઉઠ્યો.

સ્કૂલમાં ફેન્સીડ્રેસ સ્પર્ધામાં માતા અથવા પિતાએ બાળક સાથે જોડીમાં ભાગ લેવાનો હતો. તનિષ્કે સુપરમેનનો ડ્રેસ પસંદ કર્યો ત્યારે તન્વી એ ડ્રેસ બાબતે અસુવિધા અનુભવતી હતી તો પણ તનિષ્ક માટે એ સુપરમેન બનીને આવી. મિત્રો દ્વારા માતાની હાંસી ઉડાવાઈ રહી હતી એ તનિષ્કને બિલકુલ ન ગમ્યું અને એ દોડતો જઈને મેકઅપ રૂમમાં ભરાયો. તન્વી પણ તનિષ્કના વર્તનથી જરા શરમમાં મુકાઈ. તન્વી સ્ટેજ છોડી રહી હતી ત્યારે શાળાના બીજા હિસ્સામાં શોર્ટસર્કિટને લીધે ઓચિંતી આગ લાગી. આગથી બચવા ચારેબાજુ લોકોની દોડધામ મચી ગઈ. તનિષ્કની ચિંતામાં તન્વી બેબાકળી થઈને આગગ્રસ્ત હિસ્સામાં તનિષ્કને શોધવા લાગી. તનિષ્ક ક્યાંય દેખાયો નહીં એટલે એ વધુ બેચેન થઈ દોડવા લાગી. એક ક્લાસરૂમમાં કેટલાક નાનકડા ભૂલકાં ડરીને ટેબલ નીચે છુપાયા હતાં. તન્વીની નજર પડતાં એણે ત્યાં છલાંગ લગાવી અને બધા બાળકોને એ સલામત રીતે આગથી બચાવી બહાર લાવી.

ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમ સમયસર આવી પહોંચી. શાળામાં હાજર ફાયરસેફ્ટીને લીધે મોટી જાનહાનિ ટળી ગઈ. પરંતુ તનિષ્કને ન જોતાં તન્વી તનિષ્કના નામની બૂમો પાડી રહી હતી ત્યાં તનિષ્કના શિક્ષિકા બહેને તન્વીને તનિષ્ક સહીસલામત હોવાના સમાચાર આપ્યા.

સ્પર્ધા મુલતવી રાખવાની જાહેરાત કરીને શાળાના આચાર્યા સ્ટેજ પરથી નીચે ઉતરીને તન્વી પાસે આવ્યાં. "વાહ તન્વીબેન! તમારો તનિષ્ક તો ખરેખર સુપર બોય છે." આચાર્યા તન્વી પાસે આવીને બોલ્યાં.

તન્વીએ આશ્ચર્યથી એમની સામે જોયું. "આજે એણે સમયસર ફાયર એલાર્મ વગાડીને સૌને જાણ ન કરી હોત તો બહુ મોટું નુકસાન ભોગવવું પડત અને.."

આચાર્યાને વચ્ચે અટકાવતા તનિષ્ક દોડતો આવીને બોલ્યો, "નો મેમ. અસલી સુપર હીરો તો મારી મમ્મી છે જેણે આગમાં કૂદીને આ બધાનો જીવ બચાવ્યો." તન્વી તરફ વળીને તનિષ્ક બોલ્યો, "મોમ..આઈ એમ રિયલ્લી પ્રાઉડ ઓફ યુ. મારા બધા ફ્રેન્ડ્સે મને કહ્યું કે તારી મોમ તો રિયલ હીરો છે."

તન્વીએ ભીની આંખે તનિષ્કનો ચહેરો ચૂમી લીધો. તનિષ્કના મિત્રો ’ તન્વી આંટી સુપર સ્ટાર’ નો નારો લગાવી રહ્યા હતા અને તનિષ્ક તન્વીનો હાથ પકડીને સૌને કહી રહ્યો હતો, ’મારી મમ્મી સુપર હીરો.’

અંકિતા સોની

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નંઃ૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું